ગાંધીનગર સમાચાર

## બ્રિટનની યાત્રાએ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બ્રિટન પહોંચી રહ્યા છે. જુદા જુદા સમુદાયના લોકો મોદીના સ્વાગત માટેની તૈયારી કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે મોદી બ્રિટનની જમીન પર કોઈ પણ વિદેશી નેતાના સ્વાગતમાં આયોજિત કરવામાં આવનાર સૌથી મોટા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેનાર છે. તેમના કાર્યક્રમ મુજબ મોદી ૧૨મી નવેમ્બરથી ૧૪મી નવેમ્બર વચ્ચે ત્રણ દિવસ સુધી બ્રિટનના પ્રવાસમાં રહેશે. ત્યારબાદ તેઓ ૧૫-૧૬મી નવેમ્બરના દિવસે તેઓ તુર્કીમાં જી-૨૦ની શિખર બેઠકમાં ભાગ લેશે. ૧૩મી નવેમ્બરના દિવસે યોજનારા આ મેગા શોમાં સ્વરાજ પૌલ, મેનાદ દેસાઈ અને બ્રિટન સરકારમાં સામેલ ભારતીય સમુદાયના પ્રધાન પણ હાજર રહેશે. વડાપ્રધાનના સ્વાગતની તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. જો કે કાર્યક્રમ માટે લંડનના ઐતિહાસિક વેમ્બલી સ્ટેડિયમની સેન્ટ્રલ પીચ ઉપલબ્ધ થઈ શકી નથી. પરંતુ તેના કારણે આયોજકો બિલકુલ નિરાશ થયા નથી. મેગા શો ૧૩મી નવેમ્બરના દિવસે યોજાશે.

## પોઈન્ટ ડાઉન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તો ફેબ્રુઆરી બાદથી સૌથી લાંબી તેજી નોંધાયા બાદ ચીની કારોબારમાં મંદી રહી હતી. ચીનની આયાતમાં સપ્ટેમ્બર મહિનામાં ૨૦ ટકા ઘટાડો થયો છે. શાંઘાઈના શેરમાં આજે ૦.૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. આઈટી અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૧ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો.

શેરબજારમાં આજે જે શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો તેમાં ઓએનજીસી, હિન્દાલ્કો, વેદાંતા, તાતા સ્ટીલ, ઈન્ફોસીસ અને ગેલનો સમાવેશ થાય છે. કારોબારના અંતે સોમવારના દિવસે સેન્સેક્સ ૧૭૫ પોઈન્ટ ઘટીને ૨૬૯૦૪ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૬ પોઈન્ટ ઘટીને ૮૧૪૨ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ફ્લેટ સ્થિતિ રહી હતી.ગઈકાલે કારોબારના અંતે ૧૪૪૦ શેરમાં તેજી અને ૧૩૦૭ શેરમાં મંદી રહી હતી. બજારમાં ઉથલપાથલનો દોર રહ્યો હતો. ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો આંકડો ઓગસ્ટના મહિનામાં ૬.૪ ટકા સુધી વધ્યો છે. જુનના મહિનામાં નોંધાયેલો ૪.૨ ટકા વધારો આના કરતા વધુ છે. બીજીબાજુ ભારતમાં કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ, સીપીઆઈ ઉપર આધારીત રિટેલ ફુગાવો અગાઉના મહિનામાં નોંધાયેલા ૬.૭૪ ટકાની સામે વધીને ૪.૪૧ ટકા થયો છે. ઉંચી ખાદ્યાન ચીજવસ્તુઓની કિંમતના પરિણામ સ્વરૂપે આ અસર જોવા મળી છે. આજે ઘણી કંપનીઓના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ટીસીએસ અને ડીસીબી બેંકનો સમાવેશ થાય છે. ફોરેન પોર્ટફોલિયો રોકાણકારોએ ગઈકાલના દિવસે ૩૧૭.૫૬ કરોડની કિંમતના શેર ખરીદી લીધા હતા.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર ખાતે રેડિયો મિર્ચી - અમદાવાદ અને ગાંધીનગર માટે યુવાનોમાં રહેલી આંતરિક શક્તિઓને શોધવા ટેલેન્ટ હંટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજ કેમ્પસના ૧૦૮ કરતાં વધારે વિદ્યાર્થીઓએ મિમિક્રી, સોલો સિંગીંગ, ગ્રુપ સિંગીંગ, સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ, સ્કીટ વગેરે જેવી કલાકૃતિઓ પ્રદર્શિત કરી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ભોળાભાઈ પટેલ કૉલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના કુલ ૬ વિદ્યાર્થીઓ સેમી ફાઈનલ રાઉન્ડ માટે સિલેક્ટ થયા હતા.

## વિચારોનાં મધુવનમાં

**(૪ પાનાનું ચાલુ...)**

વય અનુરૂપ જીવન ઘડતરની ખાતરી કરાવતા વિવિધ કેન્દ્ર. આ વૈભવ રાતોરાત તો ઉભો નહિ થયા હોય!

૧૯૪૮ થી મુંબઈથી શરૂ થયેલી સ્વાધ્યાય આંદોલનની વિચારયાત્રા મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પ્રારંભાઈ અને લોકોની સમજ ઘડાતાં - ઘડાતાં મનની દિવાલોને ઠેકીને જીવનની વાસ્તવિક ભૂમિ પર મજબૂત રીતે સ્થાપીત થઈ ચૂકી છે. સમાજ પુરુષને વૈદિક વિચારોનું પોષણ, 'હું ઈશ્વરનું લાડકું સંતાન છું'- તેનો આધાર અને 'સ્વ' ઉપરની અતૂટ શ્રદ્ધા ઊભી કરનાર પાંડુરંગ શાસ્ત્રીની જન્મતિથિ ૧૯ ઓક્ટોબર આવી રહી છે. મોટાભાગે તત્ત્વચિંતકોની છાપ આપણા મનમાં બહુ સ્પષ્ટ હોતી નથી. જેમ કે, તેમનું વાંચન સારું હશે, અભ્યાસુ હશે, સારું પ્રવચન કે ઉપદેશ આપનારા હશે વગેરે... પણ આ તત્ત્વચિંતક માન્યતાઓની પેલે પારની આનંદમયકોશ અને કર્મયોગના પ્રદેશના પ્રવાસી હતા. ધર્મ અને ભક્તિની નબળાઈઓ વિશે આપણે વારે-તહેવારે સાંભળીએ છીએ. ફિલ્મકારોની પાસે વિષયો ખૂટ્યા એટલે ધર્મની ધૂણી ધખાવી, જે કંઈ દક્ષિણા મળી તે. પણ બગડેલી વાતોને સુધારે તે સાચો સુધારક. દાદાજીએ આપણી પરંપરાને બદલ્યા વગર તેમાં પ્રાણ પૂર્યા. જેમ કે, એકાદશીનું વ્રત. આજની કહેવાતી એકાદશી જાત-જાતની વાનગીઓને પણ ટપી જાય તેવી ફરાળી વાનગીઓથી પૂરી થાય છે. તેની સામે આ ચિંતકે સમજાવ્યું કે પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિઓ અને અગિયારમું મન આપણે સ્વ-અર્થે વાપરીયે છીએ, પણ પંદર દિવસે એક દિવસ ચોક્ક્સ સમય માટે આ અગિયાર ઈન્દ્રિયોનો પુરુષાર્થ સમાજ પુરુષને (કોઈ પણ ભેદભાવ વિના પ્રત્યેક વ્યક્તિને) નિઃસ્વાર્થભાવે આપવા પ્રયત્ન કરવો તે સાચી એકાદશી. ગાંધીજીની ગ્રામસ્વરાજની અધૂરી સ્વપ્નસૃષ્ટિ દાદાજીના પ્રયોગોમાં સિદ્ધ થયેલી દેખાય, વિવેકાનંદજીના યુવાશક્તિના પડઘમ યુવાકેન્દ્ર અને ઉત્સવોમાં સંભળાય, મહિલાઓના ઉત્કર્ષની સાચી દિશા વાણી અને વર્તનની કાર્યશૈલીમાં ખૂલે, નોકરીની સાથે સાથે દેશની સમસ્યાઓને સમજવાનો અને તેના માટે સમય અને આવડતને પ્રભુ (સમાજ) ના ચરણે ધરવાની તાલાવેલી આ એક જ કાર્યમાં પ્રત્યક્ષ થાય.

પાંડુરંગ શાસ્ત્રીજીના કેટલાક ક્રાંતિકારક વિચાર માનવા જેવા છે : 'લક્ષ્મી-નારાયણ મંદિરમાં છે. એનો અર્થ એ કે મંદિરમાં છીએ ત્યાં સુધી નીતિમાન રહેવાય, પણ બહાર જઈને હરામખોરી કરવામાં વાંધો નહિ, કારણ ત્યાં ભગવાન નથી. તેથી ક્યારેય ભગવાનનું વિસ્મરણ ન થાય એવું દાન તુકારામ મહારાજ માગે છે. આજે બધાને ભગવાનનું વિસ્મરણ થઈ ગયું છે. આપણે પ્રસંગોપાત ભગવાનને નમસ્કાર કરીએ છીએ. ગણપતિના દિવસે મોદક ખાઈએ છીએ, પણ ગણપતિ એટલું શું ? લોકો કહે, હમણાં ગણપતિ છે ને? શ્રાદ્ધ એટલે ખીર ખાવી, પણ શ્રાદ્ધ એટલે શું એનો ક્યારેક વિચાર કરીએ છીએ ખરા?

ભગવાનનું વિસ્મરણ થવા નહિં દો તો સુખ-સમૃદ્ધિ આવશે. આરોગ્ય, સંરક્ષણ અને સુખ-સમૃદ્ધિની માણસની માગણી છે તે પૂરી કરવી હોય, માણસને માણસની નજીક લાવવો હોય તો ભગવાનને ઉપડવો જોઈએ. 'મારી પાસે શક્તિ છે તો હું તને કેમ ન કેમ લૂંટું'? આનો સચોટ ઉત્તર એ જે છે જે 'મને ચલાવે છે તે જ તને ચલાવે છે, તેથી હું તને લૂંટી શકું નહિ'. 'મારી પાસે શક્તિ છે તે એવી રીતે વાપરીશ કે સપડાઉં નહિ' આવું જો માણસ બોલે તો તે ચોરી કરતાં પણ અચકાશે નહિ. પણ ભગવાન મારી સાથે છે તેથી ભગવાન ભૂલીને જે કાંઈ પ્લાનીંગ કરીશ તે ચાલવાનું જ નથી. આ સમજણ નહિં હોય તો ભગવાન એકાદ મંદિર, ચર્ચ કે મસ્જિદમાં જ રહેવાનો. જ્યાં વૈદિકોનું તત્ત્વજ્ઞાન-તત્ત્વમસિ શ્વેતકેતો અહં બ્રહ્માસ્મિ...નહિં પહોંચે ત્યાં સુખ-સમૃદ્ધિ આવશે નહિ.


### ટુંકી જાહેર નિવિદા ક્રમાંક : નાનિ/કામાવિ/મકમ/૧/૨૦૧૫-૧૬

નાયબ નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અમદાવાદ વિભાગ, ગાંધીનગર હસ્તકની તાબાની કચેરીઓમાં ડ્રાયવર તથા વૉચમેન કમ ક્લીનરની જગ્યાઓ આઉટ સોર્સથી ભરવા માટેના કોરા ટેન્ડર ફોર્મ તા.૧૫/૧૦/૧૫થી તા. ૪/૧૧/૧૫ સુધી ૧૨.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમિયાન ટેન્ડર ફી રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) રોકડા ભર્યેથી કચેરીના કામકાજના દિવસો દરમિયાન મળી શકશે, ટેન્ડર સાથેની શરતો /સુચનાઓ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોઈ શકાશે.

**ફોન નં. ૦૭૯-૨૩૨૫૫૭૧૨**

**નાયબ નિયંત્રક,**
**કાનુની માપ વિજ્ઞાન**
**અમદાવાદ વિભાગ, ગાંધીનગર**

**માહિતી/૧૭૦૦/૧૫-૧૬**



**અમદાવાદ મધ્યેની ગુજરાતની વડી અદાલત**
**(અસલ હકુમત)**
**કંપની પીટીશન નં. ૩૩૦ સને ૨૦૧૫**
**જેની સાથે અરજી નં. ૨૭૮ સને ૨૦૧૫**

**ધી કંપની ધારા ૧૯૫૬ના કલમ ૩૯૧ થી કલમ ૩૯૪ હેઠળ અભિષેક કેપલીઝ પ્રાઈવેટ લિમીટેડનું આકાશ રેસીડન્સી એન્ડ હોસ્પિટાલીટી પ્રાઈવેટ લિમીટેડમાં વિલીનીકરણની બાબતમાં,**

અભિષેક કેપલીઝ પ્રાઈવેટ લીમીટેડ
જી.એફ/૨, અભિષેક બિલ્ડીંગ,
હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, ... પીટીશનર
ગાંધીનગર-૩૮૨૦૧૧. (ટ્રાન્સફરી કંપની)

**પીટીશન અંગેની નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે, કલમ ૩૯૧ થી ૩૯૪ ધી કંપની ધારા ૧૯૫૬ હેઠળ અભિષેક કેપલીઝ પ્રાઈવેટ લિમિટેડને આકાશ રેસીડેન્સી એન્ડ હોસ્પિટાલીટી પ્રાઈવેટ લીમીટેડ સાથે વિલીનીકરણ / જોડાણની યોજનાને મંજુર કરવા માટે અરજદારે ઉપરોક્ત કંપની પીટીશન તેમના એડવૉકેટ શ્રી પાવન એસ. ગોડીઆવાલા દ્વારા તા. ૨૪/૯/૨૦૧૫ના રોજ રજૂ કરેલ અને તા. ૨૯/૯/૨૦૧૫ના રોજ નામદાર ગુજરાતની વડી અદાવતે દાખલ કરેલ છે. જે વધુ સુનાવણી માટે કંપની જજ સમક્ષ તા. ૨૬/૧૦/૨૦૧૫ના રોજ મુકરર કરેલ છે. જે કોઈ શખ્સની ઈચ્છા સદરહુ પીટીશનને ટેકો આપવાની અથવા તેનો વિરોધ કરવાની હોય તો તેમણે પોતાની ઈચ્છા પ્રદર્શિત કરતી નોટીસ પોતાની અથવા પોતાના વકીલશ્રીની સહી તેમજ નામ / સરનામા સાથે સુનાવણીના ઓછામાં ઓછા બે દિવસ પહેલા અરજદારના વકીલને મોકલી આપવી. જો તેઓ પીટીશનનો વિરોધ કરવા માંગતા હોય તો વિરોધના કારણો અથવા એફીડેવીટની નકલ નોટીસ સાથે મોકલવાની રહેશે. કોઈપણ વ્યક્તિને પીટીશનની નકલ નક્કી કરેલ ચાર્જ આપીને નીચે સહી કરનાર વકીલ પાસેથી મળી રહેશે.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૧૨/૧૦/૨૦૧૫**

**સહી/-**
**પાવન એસ. ગોડીઆવાલા**
**પીટીશનરના વકીલ**
**૭૧૫/ડી, શીરોમણી બિલ્ડીંગ,**
**સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫**
**ફોન નંબર : ૨૬૭૬૧૨૭૮ / ૯૮૭૯૦૧૨૧૬૦**



**અમદાવાદ મધ્યેની ગુજરાતની વડી અદાલત**
**(અસલ હકુમત)**
**કંપની પીટીશન નં. ૩૩૧ સને ૨૦૧૫**
**જેની સાથે અરજી નં. ૨૭૭ સને ૨૦૧૫**

**ધી કંપની ધારા ૧૯૫૬ના કલમ ૩૯૧ થી કલમ ૩૯૪ હેઠળ અભિષેક કેપલીઝ પ્રાઈવેટ લિમીટેડનું આકાશ રેસીડન્સી એન્ડ હોસ્પિટાલીટી પ્રાઈવેટ લિમીટેડમાં વિલીનીકરણની બાબતમાં,**

આકાશ રેસીડેન્સી એન્ડ હોસ્પીટાલીટી પ્રાઈવેટ લીમીટેડ
જી.એફ/૨, અભિષેક બિલ્ડીંગ,
હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, ... પીટીશનર
ગાંધીનગર-૩૮૨૦૧૧. (ટ્રાન્સફરી કંપની)

**પીટીશન અંગેની નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે, કલમ ૩૯૧ થી ૩૯૪ ધી કંપની ધારા ૧૯૫૬ હેઠળ અભિષેક કેપલીઝ પ્રાઈવેટ લિમિટેડને આકાશ રેસીડેન્સી એન્ડ હોસ્પિટાલીટી પ્રાઈવેટ લીમીટેડ સાથે વિલીનીકરણ / જોડાણની યોજનાને મંજુર કરવા માટે અરજદારે ઉપરોક્ત કંપની પીટીશન તેમના એડવૉકેટ શ્રી પાવન એસ. ગોડીઆવાલા દ્વારા તા. ૨૪/૯/૨૦૧૫ના રોજ રજૂ કરેલ અને તા. ૨૯/૯/૨૦૧૫ના રોજ નામદાર ગુજરાતની વડી અદાવતે દાખલ કરેલ છે. જે વધુ સુનાવણી માટે કંપની જજ સમક્ષ તા. ૨૬/૧૦/૨૦૧૫ના રોજ મુકરર કરેલ છે. જે કોઈ શખ્સની ઈચ્છા સદરહુ પીટીશનને ટેકો આપવાની અથવા તેનો વિરોધ કરવાની હોય તો તેમણે પોતાની ઈચ્છા પ્રદર્શિત કરતી નોટીસ પોતાની અથવા પોતાના વકીલશ્રીની સહી તેમજ નામ / સરનામા સાથે સુનાવણીના ઓછામાં ઓછા બે દિવસ પહેલા અરજદારના વકીલને મોકલી આપવી. જો તેઓ પીટીશનનો વિરોધ કરવા માંગતા હોય તો વિરોધના કારણો અથવા એફીડેવીટની નકલ નોટીસ સાથે મોકલવાની રહેશે. કોઈપણ વ્યક્તિને પીટીશનની નકલ નક્કી કરેલ ચાર્જ આપીને નીચે સહી કરનાર વકીલ પાસેથી મળી રહેશે.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૧૨/૧૦/૨૦૧૫**

**સહી/-**
**પાવન એસ. ગોડીઆવાલા**
**પીટીશનરના વકીલ**
**૭૧૫/ડી, શીરોમણી બિલ્ડીંગ,**
**સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫**
**ફોન નંબર : ૨૬૭૬૧૨૭૮ / ૯૮૭૯૦૧૨૧૬૦**



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
Dst
Department of Science & Technology
Government of Gujarat
BISAG
ISO 9001:2008
ISO 27001:2005
CMMI Level-3

VANDE GUJARAT
Video Audio Network for Development and Education

**ભારતનું પ્રથમ અને વિશાળ શૈક્ષણિક ટેલીવિઝન નેટવર્ક**

**'વંદે ગુજરાત'**

**મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્‌હસ્તે**

**નવીન ૧૬ ચેનલોનું લોકાર્પણ**

**ગતિશીલ ગુજરાતમાં ૧૬ ચેનલો મારફતે વિદ્યાર્થીઓ, યુવાનો, કારીગરો, ખેડૂતો, શ્રમિકો, મહિલાઓ તમામ માટે મૂલ્યવર્ધિત શિક્ષણ અને વિકાસની નવતર પહેલ...**

**નવી ચેનલોના ઉપયોગ**

- પ્રાથમિકથી ઉચ્ચકક્ષાનું શિક્ષણ ઘર સુધીઃ રાજ્યના વિદ્યાર્થીઓને કોચિંગઃ શિક્ષકોને તાલીમ
- સ્પર્ધાત્મક પરીક્ષા માટે યુવાનોને માર્ગદર્શન
- કૌશલ્ય વર્ધનઃ યુવાનોને સરકારી તથા ઉદ્યોગ ક્ષેત્રોમાં ભાગીદારી થકી અદ્યતન તાલીમ
- ખેતીવાડીના કાર્યક્રમો સીધા ખેડૂતના ઘર સુધી
- આરોગ્યલક્ષી જાગૃતિ અને તાલીમ કાર્યક્રમો, તબીબી શિક્ષણ અને ટેલીમેડીસીન
- સ્વચ્છતા અભિયાનને લગતા કાર્યક્રમો
- વિજ્ઞાનને લોકપ્રિય બનાવવાના કાર્યક્રમો

**ફાયદાઓ**

- શિક્ષણની ગુણવત્તાનું વર્ધનઃ વિદ્યાર્થીઓને મફત ટ્યુશનનો લાભઃ પરીક્ષા પરિણામોમાં સુધારો
- વિદ્યાર્થીઓની ક્ષમતા અને સજ્જતામાં વધારો
- નોકરી માટે લોકોની યોગ્યતામાં વધારોઃ ઉદ્યોગોની જરૂરિયાત મુજબ કારીગરોનું કૌશલ્યવર્ધન
- ખેતી, પશુપાલન, મત્સ્યોદ્યોગની શ્રેષ્ઠ પદ્ધતિઓનું માર્ગદર્શન
- સ્વસ્થ સમાજનું નિર્માણઃ મહિલા સશક્તિકરણ, બાળ સ્વાસ્થ્ય જાળવણી
- મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન માટે જનજાગૃતિ
- ડિઝીટલ ઈન્ડિયા-ડિઝીટલ ગુજરાતની કડી ઘર-ઘર સુધી

**સર્વ સમાવેશક વિકાસને બળ**

Visit http://www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official www.twitter.com/infogujarat